# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૧-૧૨-૨૦૨૨**

## "ભારત જોડો" યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી 2023 થી સમગ્ર ગુજરાત રાજ્યમાં દરેક ગ્રામ પંચાયત અને મતદાન મથકના વિસ્તારને આવરી લે તે રીતે "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાનું આયોજન કરીને રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોચાડવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, શહેર જીલ્લા પ્રમુખશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાના આયોજન માટે એક અગત્યની બેઠક મળી હતી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, શ્રી રાહુલ ગાંધીની આગેવાનીમાં ભારત જોડો યાત્રાનો ઉદ્દેશ્ય ભારતને એક કરવાનો છે. સાથે આવવાનો અને આપણા રાષ્ટ્રને મજબૂત કરવાનો. આ યાત્રા ૭ મી સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થઈ હતી અને ૧૨ રાજ્યોમાંથી પસાર થશે, જે જમ્મુ અને કાશ્મીરમાં પરિણામવાની છે અને તેનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે.

રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે, ભારત જોડો યાત્રા - લગભગ ૧૫૦ દિવસના સમયગાળામાં લગભગ ૩,૫૦૦ કિલોમીટરનું અંતર કાપશે. યાત્રાને પહેલેથી જ અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે; આજે આ યાત્રા ૧૦૪ દિવસ અવિરત રોજના ૨૫ કિ.મી. ચાલીને આપણા રાષ્ટ્રને વિભાજિત કરી રહેલા આર્થિક, સામાજિક અને રાજકીય મુદ્દાઓ સામે અવાજ ઉઠાવી રહી છે અને કોંગ્રેસના નેતાઓની સાથે લાખો લોકો આંદોલનમાં જોડાયા છે. આ યાત્રા પ્રચંડ બેરોજગારી અને મોંઘવારી, નફરત અને વિભાજનની રાજનીતિ અને આપણી રાજકીય વ્યવસ્થાના અતિશય કેન્દ્રીકરણને સંબોધવા માંગે છે જીવનના તમામ ક્ષેત્રના લોકો આ ઐતિહાસિક ચળવળનો ભાગ બનવા માટે એકઠા થઈ રહ્યા છે. તે ભારતની એકતા, તેની સાંસ્કૃતિક વિવિધતા અને તેના લોકોના અવિશ્વસનીય મનોબળની ઉજવણી છે.

બેઠકમાં સર્વાનુમત્તે "ભારત જોડો" યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી ૨૦૨૩ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં દરેક ગ્રામ પંચાયત અને મતદાન મથકના વિસ્તારને આવરી લે તે રીતે "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાનું આયોજન કરીને રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોચાડવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રદેશ બેઠકમાં રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખશ્રી લલીતભાઈ કગથરા, શ્રી જીગ્નેશભાઈ મેવાણી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતાશ્રી સુખરામ રાઠવા, ધારાસભ્યશ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી કીરીટભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ ઠાકોર, શ્રી અમૃતજી ઠાકોર એ.આઈ.સી.સી.ના મંત્રી અને ગુજરાત સંગઠનના સહપ્રભારી શ્રી ઉષા નાયડુ, શ્રી બી.એમ. સંદિપ, પ્રદેશ અગ્રણી શ્રી જયનારાયણ વ્યાસ, એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી સોનલબેન પટેલ, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, એન.એસ.યુ.આઈ.ના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ધનશ્યામ ગઢવી સહિત શહેર જીલ્લા પ્રમુખશ્રીઓ, પ્રદેશ આગેવાનશ્રીઓ, પ્રદેશના પદાધિકારીશ્રીઓ, સેલ-ડીપાર્ટમેન્ટના પ્રમુખશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા પ્રદેશ પ્રવક્તાશ્રીઓ હાજર રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા
મો. 9898233038